


## (C - 58)
## દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે,

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધિંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ.
વિમલ જિન દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ
વિમલ જિન દીઠાં લોયણ આજ. ૧

ચરણ-કમળ કમલા વસે રે, નિર્મલથિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિ. દી. ૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદિરધરા રે, ઈંદ-ચંદ-નાગિંદ. વિ. દી. ૩
સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન-વિશરામી વાલહો રે, આતમચો આધાર. વિ. દી. ૪

દરિશન દીઠું જિનતણું રે, સંશય ન રહે વેધ,
દિનકર કરભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ. વિ. દી. ૫

અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિ. દી. ૬

એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજિયે રે, આનંદઘન પદ સેવ. વિ. દી. ૭